# CWG ગેમ્સ: શર્મિલા ધનકરે ભારતને અપાવ્યો પ્રથમ પેરા એથ્લેટીક્સ ગોલ્ડ

**ભારત** દ્વારા કરાયેલા સત્તાવાર વિરોધ અને રિવ્યૂ બાદ શિલ્પા શાયલાને બ્રોન્ઝ મેડલ મળ્યો

**પીએમ** નરેન્દ્ર મોદીએ શર્મિલાને અભિનંદન પાઠવ્યા

ગ્લાસગો, તા. 28 (પાટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં 40 વર્ષીય શર્મિલા ધનકરે મહિલા શોટ પુટ F-57 સ્પર્ધામાં ભારત માટે ઐતિહાસિક ગોલ્ડ મેડલ જીત્યો છે. બે વર્ષની ઉંમરે પોલિયોનો ભોગ બનેલી અને જીવનમાં અનેક સંઘર્ષોનો સામનો કરનારી શર્મિલાએ 9.81 મીટરનો સીઝનનો સર્વશ્રેષ્ઠ થ્રો કરીને આ વિજય મેળવ્યો હતો.

આ સાથે જ કોમનવેલ્થ ગેમ્સમાં પેરા-એથ્લેટિક્સમાં ગોલ્ડ મેડલ જીતનાર તે પ્રથમ ભારતીય પેરા-એથ્લીટ બની છે અને પેરા-એથ્લેટિક્સમાં ભારતના 20 વર્ષ જૂના મેડલના દુકાળનો અંત આણ્યો છે.

આ જ સ્પર્ધામાં ભારતની અન્ય ખેલાડી શિલ્પા શાયલાએ 7.26 મીટરના પોતાના વ્યક્તિગત સર્વશ્રેષ્ઠ થ્રો સાથે બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો. શરૂઆતમાં નાઈજીરીયાની યુકેરિયા ઈયાઝી ત્રીજા સ્થાને હતી, પરંતુ ભારતીય ટીમ દ્વારા કરવામાં આવેલા સત્તાવાર વિરોધ અને રિવ્યૂ બાદ નાઈજીરીયન ખેલાડીનો પ્રયાસ ફાઉલ જાહેર કરવામાં આવ્યો હતો. આ નિર્ણયના પરિણામે ચોથા ક્રમે રહેલી શિલ્પા શાયલાને બ્રોન્ઝ મેડલ માટે અપગ્રેડ કરવામાં આવી હતી.

હરિયાણાના છીથરોલી ગામની વતની શર્મિલાએ પોતાના પતિ અજિત સિંહ અને કોચ ટેકચંદના પ્રોત્સાહનથી 2020માં પેરા-એથ્લેટિક્સ કરિયરની શરૂઆત કરી હતી. એક જ વર્ષની અંદર રાષ્ટ્રીય ચેમ્પિયન બન્યા બાદ તેણે ફઝ્ઝા ઈન્ટરનેશનલ ચેમ્પિયનશિપમાં પણ ગોલ્ડ જીત્યો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ સિદ્ધિ બદલ સોશિયલ મીડિયા પર શર્મિલાને અભિનંદન આપતા કહ્યું હતું કે આ પ્રદર્શનથી ગેમ્સમાં ઐતિહાસિક ક્ષણ સર્જાઈ છે.

# CWG: સર્વેશ કુશારે હાઈ જમ્પમાં સિલ્વર મેડલ મેળવનાર પ્રથમ ભારતીય

**સર્વેશ** અને જમૈકાના બેકફોર્ડ બંનેએ 2.25 મીટરનો કૂદકો લગાવ્યો હતો પણ ઓછા ફેલ એટેમ્પટના આધારે બેકફોર્ડે ગોલ્ડ મેળવ્યો

ગ્લાસગો, તા. 28 (પીટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં રાષ્ટ્રીય રેકોર્ડ ધારક સર્વેશ કુશારેએ પુરુષોની હાઈ જમ્પ સ્પર્ધામાં સિલ્વર મેડલ જીતીને નવો ઈતિહાસ રચ્યો છે. કોમનવેલ્થ ગેમ્સના હાઈ જમ્પમાં સિલ્વર મેડલ મેળવનાર તે પ્રથમ ભારતીય એથ્લીટ બન્યો છે.

31 વર્ષીય સર્વેશ અને જમૈકાના રોમેન બેકફોર્ડ બંનેએ 2.25 મીટરનો કૂદકો સફળતાપૂર્વક લગાવ્યો હતો. જોકે, 2.28 મીટરના પ્રયાસમાં નિષ્ફળ ગયા બાદ ઓછા ફેલ એટેમ્પટના આધારે બેકફોર્ડે ગોલ્ડ મેળવ્યો હતો.

મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના દેવરગાંવના ડુંગળીના ખેડૂતના પુત્ર સર્વેશે બાળપણમાં મકાઈના ફોતરાં અને ખેતીના કચરાથી બનાવેલા દેશી લેન્ડિંગ પિટ પર પ્રેક્ટિસ કરી હતી. આ અગાઉ 2022ની બર્મિંગહામ ગેમ્સમાં તેજસ્વિન શંકરે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો, જેને સર્વેશે પોતાના ડેબ્યૂમાં જ સિલ્વરમાં બદલી નાખ્યો છે. સ્પર્ધામાં સામેલ અન્ય ભારતીય આદર્શ રામે 2.15 મીટર સાથે પાંચમું સ્થાન મેળવ્યું હતું.

આ મહિને જ મોનાકો ડાયમંડ લીગમાં 2.26 મીટરનો કૂદકો લગાવી ત્રીજું સ્થાન મેળવીને સર્વેશે ડાયમંડ લીગ પોડિયમ પર પહોંચનાર ચોથો ભારતીય બનવાનું બહુમાન મેળવ્યું હતું. તેણે ગયા મહિને ભુવનેશ્વર ખાતે 2.31 મીટરનો નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર સર્વેશને અભિનંદન પાઠવતાં તેની મહેનત અને નિષ્ઠાના વખાણ કર્યા હતા. સર્વેશે પણ આગામી એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતવાનો લક્ષ્યાંક વ્યક્ત કર્યો છે.

# CWG: વેઈટલિફ્ટિંગમાં વલ્લુરી અજય બાબુએ સિલ્વર મેડલ જીત્યો

**પુરુષોની** 79 કિગ્રા વર્ગમાં 330 કિગ્રા વજન ઉંચકીને રજત પદક મેળવ્યો; માત્ર 1 કિગ્રાના તફાવતથી ગોલ્ડ ચૂકી ગયો

ગ્લાસગો, તા. 28 (પીટીઆઈ): કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના 21 વર્ષીય ઉભરતા વેઈટલિફ્ટર વલ્લુરી અજય બાબુએ પુરૂષોની 79 કિગ્રા વર્ગમાં સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. આંધ્ર પ્રદેશના આ ખેલાડીએ કુલ 330 કિગ્રા (સ્નેચમાં 149 કિગ્રા + ક્લીન એન્ડ જર્કમાં 181 કિગ્રા) વજન ઉંચકીને આ સિદ્ધિ મેળવી હતી. ચાલુ ગેમ્સમાં વેઈટલિફ્ટિંગ ક્ષેત્રે ભારતનો આ છઠ્ઠો મેડલ છે.

ગોલ્ડ મેડલ માટે ખૂબ જ રોમાંચક સ્પર્ધા જોવા મળી હતી. સ્નેચ રાઉન્ડમાં અજય બાબુએ પોતાના અંતિમ પ્રયાસમાં 149 કિગ્રા વજન ઉંચકીને નવો ગેમ્સ રેકોર્ડ બનાવ્યો હતો અને પ્રથમ સ્થાને રહ્યો હતો. જ્યારે મલેશિયાનો એરી હિદાયત 147 કિગ્રા સાથે ત્રીજા ક્રમે હતો.

ત્યારબાદ ક્લીન એન્ડ જર્ક વિભાગમાં અજય બાબુએ 181 કિગ્રા વજન ઉંચકીને કુલ 330 કિગ્રા સાથે થોડા સમય માટે ગેમ્સ રેકોર્ડ અને ગોલ્ડ પાક્કો કર્યો હતો. પરંતુ મલેશિયાના હિદાયતે પોતાના અંતિમ પ્રયાસમાં 184 કિગ્રા વજન ઉંચકીને કુલ 331 કિગ્રાના નવા ગેમ્સ રેકોર્ડ સાથે માત્ર 1 કિગ્રાના અંતરથી ગોલ્ડ મેડલ જીત્યો હતો. ઈંગ્લેન્ડના ક્રિસ મુરેએ 325 કિગ્રા વજન સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

અજય બાબુએ અગાઉ અમદાવાદ ખાતે યોજાયેલી 2025 કોમનવેલ્થ ચેમ્પિયનશિપમાં 335 કિગ્રાના પોતાના સર્વશ્રેષ્ઠ પ્રદર્શન સાથે ગોલ્ડ જીતીને ગ્લાસગો 2026 માટે સીધું ક્વોલિફિકેશન મેળવ્યું હતું.

# CWG: શ્રીહરિ નટરાજ 100 મીટર બેકસ્ટ્રોક સેમિફાઈનલમાં

**નટરાજે** 55.58 સેકન્ડ સાથે સેમિફાઇનલ માટે ક્વોલિફાય કર્યું

**પેરા-સ્વિમર** સ્વાતિક પાટીલે 100 મીટર બ્રેસ્ટસ્ટ્રોકમાં 5મું સ્થાન મેળવ્યું

**સાજન** પ્રકાશ અને આર્યન નેહરા પોતપોતાના વર્ગની ફાઇનલમાં 8મા ક્રમે રહ્યા

ગ્લાસગો, તા. 28 (પીટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026ના સ્વિમિંગ કમ્પિટિશનમાં ભારતના બે વારના ઓલિમ્પિયન શ્રીહરિ નટરાજે પુરુષોની 100 મીટર બેકસ્ટ્રોક સ્પર્ધાની સેમિફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે. 25 વર્ષીય નટરાજે પોતાની હીટમાં 55.58 સેકન્ડનો સમય નોંધીને 5મું અને ઓવરઓલ 13મું સ્થાન મેળવ્યું હતું. પ્રાથમિક સ્ટેજમાંથી ટોપ-16 સ્વિમર્સ સેમિફાઇનલમાં પહોંચે છે, જ્યાં તેણે સ્થાન પાક્કું કર્યું છે.

બીજી તરફ, અનુભવી સ્વિમર સાજન પ્રકાશ માટે કોમનવેલ્થ ગેમ્સ નિરાશાજનક રહી હતી.

32 વર્ષીય સાજન પ્રકાશ 50 મીટર બટરફ્લાય ઈવેન્ટની હીટમાં 24.94 સેકન્ડના સમય સાથે 8મા અને ઓવરઓલ 28મા સ્થાને રહીને બહાર થઈ ગયો હતો. આ સિવાય, સોમવારે મોડી રાત્ર રમાયેલી પુરુષોની 200 મીટર બટરફ્લાય ફાઈનલમાં પણ સાજન પ્રકાશ 1:58.05 સેકન્ડના સમય સાથે 8મા અને અંતિમ ક્રમે રહ્યો હતો. ન્યુઝીલેન્ડના લુઈસ ક્લેરબર્ટે 1:55.05 સાથે આ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

અન્ય ભારતીય સ્વિમર્સમાં, આર્યન નેહરા પણ પુરુષોની 800 મીટર ફ્રીસ્ટાઈલ ફાઈનલમાં 8:07.26 સેકન્ડના સમય સાથે 8મા સ્થાને રહ્યો હતો. પેરા-સ્વિમિંગમાં ભારતના સ્વાતિક પાટીલે પુરુષોની 100 મીટર બ્રેસ્ટસ્ટ્રોક SB9 ફાઈનલમાં 1:15.82 સેકન્ડનો સમય નોંધીને 5મું સ્થાન હાંસલ કર્યું હતું. ભારત માટે કોમનવેલ્ત ગેમ્સના ઈતિહાસમાં પ્રસંતા કરમાકર જ સ્વિમિંગમાં મેડલ જીતનાર એકમાત્ર ખેલાડી રહ્યો છે.

# શ્રીલંકા સામેની ટીમ જાહેર, ઓફ સ્પિનર સારાંશનો પ્રથમ વાર સમાવેશ

**વોશિંગ્ટન** સુંદર ઈજાગ્રસ્ત હોવાથી 33 વર્ષીય સારાંશને ભારતીય ટેસ્ટ ટીમમાં તક મળી

**બુમરાહ** અને સાઈ સુદર્શનનું રમવું ફિટનેસને આધીન, રવિન્દ્ર જાડેજાની વાપસી

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઈ): મધ્યપ્રદેશના અનુભવી ઓફ સ્પિનર સારંશ જૈનને આવતા મહિને શ્રીલંકા સામે રમાનારી બે ટેસ્ટ મેચની શ્રેણી માટે પ્રથમ વખત ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ઘરેલુ ક્રિકેટમાં સતત 10 વર્ષ સુધી ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યા બાદ 33 વર્ષીય સારંશને આ ફળ મળ્યું છે. વોશિંગ્ટન સુંદર હેમસ્ટ્રિંગની ઈજામાંથી મુક્ત ન થયો હોવાથી પસંદગીકારોએ એક રાઈટ-આર્મ ઓફ સ્પિનર તરીકે સારંશ પર પસંદગી ઉતારી છે.

આ ટૂંકી ટેસ્ટ શ્રેણી ગાલે ખાતે 15થી 19 ઓગસ્ટ અને કોલંબો ખાતે 23થી 27 ઓગસ્ટ દરમિયાન રમાશે. ભારતીય ટીમ મુખ્ય શ્રેણી પહેલા 7 ઓગસ્ટથી 4 દિવસીય પ્રેક્ટિસ મેચ પણ રમશે. સારંશ જૈને તાજેતરમાં ઈન્ડિયા-A તરફથી શ્રીલંકા પ્રવાસ દરમિયાન 2 મેચમાં 6 વિકેટ ઝડપી હતી અને અણનમ 70 રન પણ બનાવ્યા હતા. રવીન્દ્ર જાડેજા, માનવ સુથાર અને કુલદીપ યાદવ જેવા ડાબોડી સ્પિનરોની સાથે પસંદગીકારોએ સ્પિન વિભાગમાં વિવિધતા લાવવા સારંશની પસંદગી કરી છે.

ફાસ્ટ બોલર ગુરનૂર બરારે શ્રીલંકા-A સામે 10 વિકેટ લીધા બાદ ટીમમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. જસપ્રીત બુમરાહ અને સાઈ સુદર્શનને ફિટનેસ આધારિત ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે.

ભારતીય ટીમઃ શુભમન ગિલ (કેપ્ટન), કે એલ રાહુલ (વાઈસ કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, ઋષભ પંત (વિકેટકીપર), સાઈ સુદર્શન, ધ્રુવ જુરેલ (વિકેટ કીપર), રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, માનવ સુથાર, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા, ગુરનૂર બરાર, દેવદત્ત પડિક્કલ અને સારંશ જૈન.

# દિગ્ગજ ખેલાડી ઝિનેદિન ઝિદાન ફ્રાન્સની ફૂટબોલ ટીમના મુખ્ય કોચ બન્યા

**5** વર્ષ બાદ સ્વપ્ન પૂરું થતાં ઝિનેદિન ભાવુક થયા

**4** વર્ષ માટે કરાર, રાષ્ટ્રીય ટીમ માટે ક્લબની તમામ ઓફરો ફગાવી દીધી હતી

પેરિસ, તા. 28 (એપી): ફ્રેન્ચ ફૂટબોલ ફેડરેશન (FFF)ના પ્રમુખ ફિલિપ ડિયાલોએ પેરિસ ખાતે ફ્રાન્સના મહાન ફૂટબોલર ઝિનેદિન ઝિદાનને દેશની પુરુષ રાષ્ટ્રીય ટીમનો નવો મુખ્ય કોચ જાહેર કર્યો છે. 54 વર્ષીય ઝિદાનને 4 વર્ષનો કરાર સોંપવામાં આવ્યો છે. 2021માં રીઅલ મેડ્રિડ છોડ્યા બાદથી કોઈ ટીમ સાથે ન જોડાયેલા ઝિદાન માટે આ એક અત્યંત મહત્વપૂર્ણ સિદ્ધિ છે, કારણ કે તે લાંબા સમયથી આ પદ માટે દાવેદાર માનવામાં આવતો હતો.

ઝિદાન પૂર્વ કોચ દિદિયર દેશચેમ્પ્સનું સ્થાન લેશે, જેમની આગેવાની હેઠળ ફ્રાન્સે 2018 માં વર્લ્ડ કપ જીત્યો હતો.

કોચ તરીકે નામની જાહેરાત થતાં જ ઝિદાન ખૂબ જ ભાવુક થઈ ગયો હતો અને તેની આંખો તથા અવાજમાં ખુશી સ્પષ્ટ દેખાતી હતી. ઝિદાને જણાવ્યું કે તે છેલ્લા 5 વર્ષથી આ તકની રાહ જોઈ રહ્યો હતો અને આ તેના કોચિંગ કરિયરનો સૌથી ખુશહાલ દિવસ છે. તેણે ઉમેર્યું કે ફ્રાન્સની ટીમનું કોચિંગ કરવું એ તેનું સપનું હતું, જેના કારણે તેણે છેલ્લા 5 વર્ષમાં વિવિધ મોટી ક્લબો તરફથી મળેલી તમામ ઓફરો ફગાવી દીધી હતી.

1998ના વર્લ્ડ કપ અને 2000ના યુરો કપ વિજેતા ફ્રેન્ચ ટીમના હીરો રહેલા ઝિદાને સ્પષ્ટ કર્યું કે તે દેશ પાસે રહેલા અસાધારણ ખેલાડીઓ સાથે નવી રીતે રમત રમાડશે. તેણે રમતમાં વધુ ગોલ અને આક્રમકતા લાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

ઝિદાનની કોચ તરીકે પ્રથમ મેચ 25 સપ્ટેમ્બરના રોજ નેશન્સ લીગમાં તુર્કી સામે રમાશે, ત્યારબાદ 28 સપ્ટેમ્બરે બેલ્જિયમ સામે મુકાબલો થશે. હોમ ગ્રાઉન્ડ પર 2 ઓક્ટોબરના રોજ ઈટાલી સામે ટીમ મેદાનમાં ઉતરશે.

## સુડોકુ ૬૫૮૮ - 'ક્રૂર'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | ૭ | | | ૯ | ૮ | | ૨ |
| ૮ | ૯ | ૧ | | ૬ | | | | ૭ |
| | | | | ૮ | ૭ | | | |
| ૭ | ૬ | ૮ | | ૯ | | ૩ | ૪ | ૧ |
| | ૫ | | ૬ | ૭ | ૧ | ૯ | ૨ | ૮ |
| ૯ | | ૨ | ૩ | | | ૫ | ૭ | |
| | ૮ | | | ૫ | ૪ | ૬ | ૧ | |
| | ૩ | ૫ | | | ૬ | | ૮ | |
| | | | ૮ | ૧ | | | ૯ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૩ | ૬ | ૯ | ૮ | ૭ | ૨ | ૧ | ૪ |
| ૧ | ૮ | ૨ | ૬ | ૪ | ૫ | ૯ | ૭ | ૩ |
| ૯ | ૭ | ૪ | ૧ | ૩ | ૨ | ૬ | ૮ | ૫ |
| ૮ | ૬ | ૭ | ૨ | ૯ | ૧ | ૩ | ૫ | ૪ |
| ૩ | ૫ | ૧ | ૪ | ૬ | ૮ | ૭ | ૨ | ૯ |
| ૨ | ૪ | ૯ | ૫ | ૭ | ૩ | ૧ | ૬ | ૮ |
| ૭ | ૧ | ૫ | ૩ | ૨ | ૯ | ૪ | ૮ | ૬ |
| ૬ | ૯ | ૩ | ૮ | ૧ | ૪ | ૫ | ૨ | ૭ |
| ૪ | ૨ | ૮ | ૭ | ૫ | ૬ | ૮ | ૯ | ૧ |

૨૨૫૬-૭૬૬૭ કૌંડ્રિ

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

### સ્મરણ શક્તિ

કુદરતની આ અદ્‌ભુત ભેટ હજી પૂરી સમજાઈ નથી. Brain can not solve its own mystery!

નીરબ્રાહ્મી 25g, મંડૂકપર્ણી બ્રાહ્મી 25g, શંખપુષ્પ 25 g, જેઠીમધ 10g, વચા 10g લઈ ચૂર્ણ બનાવી રાખો. રોજ સવારે પાંચ ગ્રામ ચૂર્ણ પાણી સાથે લો. વાંચો, વાતો કરો. નોંધ કરવાની, કટિંગ કાઢવાની ટેવ પાડો. સ્ક્રીન ટાઇમ ઓછો કરો.

## અનુસંધાન ... પાના પહેલાનું

### દિલ્હી ડાયરી...

જ વિચારધારા ધરાવતી સરકાર સત્તામાં હોવાથી ટીકા માટે જગ્યા બનાવવી વધુ મુશ્કેલ બની ગઈ હશે. ત્યાર બાદ આરએસએસના મહાસચિવ દત્તાત્રેય હોસાબોલેએ પણ આ વાતને સમર્થન આપતાં સ્વીકાર્યું કે જ્યારે સમાન વિચારધારા ધરાવતી સરકાર સત્તામાં હોય ત્યારે કોઈ પત્રિકા કે સામયિક ચલાવવું એ ખરેખર એક મોટો પડકાર છે.

**બાળ જાતીય શોષણ સામગ્રી સામે કડક કાર્યવાહી**

ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે મેટાની માલિકીના ઇન્સ્ટાગ્રામને એક નોટિસ ફટકારી છે. મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મને બાળ જાતીય શોષણ સામગ્રી (સીએસએએમ)ને પ્રોત્સાહન આપતી કે તેની પહોંચ સરળ બનાવતી તમામ જાહેરાતો અને વિગતો તુરંત બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. સરકારે મેટા પાસે નિશ્ચિત સમયમર્યાદામાં એ અંગે વિસ્તૃત સ્પષ્ટતા પણ માગી છે કે, પ્લેટફોર્મે વપરાશકર્તાઓને આવી સામગ્રી ધરાવતી પેઇડ (ચૂકવણી કરેલી) જાહેરાતો પોસ્ટ કરવાની મંજૂરી શા માટે અને કેવી રીતે આપી. બીબીસીના એક અહેવાલ બાદ આ નોટિસ મોકલવામાં આવી હતી, જેમાં જણાવાયું હતું કે, ઇન્સ્ટાગ્રામ ભારતમાં બાળ જાતીય શોષણ સંબંધિત સામગ્રીને પ્રોત્સાહિત કરતી જાહેરાતો માટે નાણાં સ્વીકારી રહ્યું હતું. એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, સરકારે આ મુદ્દે મેટાને કડક નોટિસ ફટકારી છે. આઇટી મંત્રાલયે ઇન્સ્ટાગ્રામને સીએસએએમને પ્રોત્સાહન આપતી તમામ અયોગ્ય જાહેરાતો અને સામગ્રીને તાત્કાલિક અસરથી હટાવવાનો આદેશ આપ્યો છે અને ખુલાસો માગ્યો છે. જોકે, મેટાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, કંપની આવી સામગ્રી શેર કરવા સામે 'ઝીરો-ટોલરન્સ' નીતિ ધરાવે છે અને ઇન્સ્ટાગ્રામ તેને શોધવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) ટૂલ્સનો ઉપયોગ કરે છે. પ્રવક્તાએ વધુમાં ઉમેર્યું, મેટા બાળ જાતીય શોષણ સામગ્રીના પ્રસાર કે માગ સામે જાહેરાતો સહિત શૂન્ય-સહિષ્ણુતા નીતિ ધરાવે છે. નિયમોનું ઉલ્લંઘન કરતી સામગ્રી અને વ્યક્તિઓની વહેલી તકે ઓળખ કરવા માટે અમે આધુનિક એઆઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરીએ છીએ, પરંતુ અમારા ૩.૫ અબજ વપરાશકર્તાઓ વચ્ચે છુપાઈને અમારી શોધથી બચવાનો પ્રયાસ કરતા ગુનેગારો સામે અમારો આ સતત સંઘર્ષ ચાલુ છે.

**સીપીડબલ્યુડી સંસ્થામાં સામાજિક સમરસતાનું ઉદાહરણ**

આ મહિનાની શરૂઆતમાં સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (સીપીડબ્લ્યુડી) ના ૧૭મા વાર્ષિક દિવસની ઉજવણીના ભાગરૂપે, સંસ્થા દ્વારા 'બડા ખાના' એટલે કે એક સમૂહ ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કર્મચારીઓ અને અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ, સીપીડબલ્યુડીના નીચલા સ્તરના કર્મચારીઓથી લઈને વિભાગના વડા સુધીના તમામ સભ્યોએ એક જ જગ્યાએ ભેગા મળીને સાથે ભોજન લીધું હતું. આ સંસ્થાના કામકાજના કેન્દ્રો સમગ્ર દેશમાં પથરાયેલા હોવાથી આ કાર્યક્રમો દેશભરમાં વિવિધ સ્થળોએ યોજાયા હતા. દિલ્હીમાં આ કાર્યક્રમ સુંદર નર્સરી ખાતે રાખવામાં આવ્યો હતો. આ ભોજન સમારંભના મેનૂમાં પૂરી, છોલે, બટાકાનું શાક, ભાત અને હલવો સામેલ હતા.

### સગીર દેખાવકારોને...

છે. પરીક્ષાઓમાં ગડબડ અને NEET પેપર લીક સામેના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ બર્બરતાનો આક્ષેપ કરતી અરજીઓની સુનાવણી કરતા મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતની અગવાઈ હેઠળની પીઠે જણાવ્યું હતું કે આ મામલે નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ જરૂરી છે. નોધંનીય છે કે કથિત પોલીસ અત્યાચારો અંગે સ્વતંત્ર તપાસ માટે નિવૃત જજના વડપણ હેઠળ ખાસ તપાસ ટીમની રચના કરવા માટે સુપ્રીમ કોર્ટમાં ઉગ્ર રજુઆતો થઇ છે. પીઠે નિર્દેશ આપ્યો કે, તમામ રાજ્યોને આથી આદેશ આપવામાં આવે છે કે વિરોધ પ્રદર્શનના સંબંધમાં ધરપકડ કે અટકાયત કરાયેલા ૧૮ વર્ષથી ઓછી વયના બાળકો, જેઓ ભૂતકાળમાં કોઈ ગુનાહિત રેકોર્ડ નથી ધરાવતા, તેમને મુક્ત કરવામાં આવે. કોર્ટે કહ્યું કે જો જરૂર પડે તો, આ બાળકોને તેઓ પોતે અથવા તેમના પરિવારના સભ્યો દ્વારા લખી આપવામાં આવતા એક સામાન્ય બોન્ડ પર મુક્ત કરવામાં આવશે, ખાસ કરીને જો જામીન માટે આવી જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હોય.

સુનાવણી દરમિયાન જસ્ટિસ જોયમાલા બાગચી અને જસ્ટિસ વી મોહનાની બનેલી પીઠે એવું પણ અવલોકન કર્યું હતું કે, જેણે પણ અતિરેક કર્યો છે અને કાયદો પોતાના હાથમાં લીધો છે, તેની સામે કડક કાર્યવાહી થવી જોઈએ. પીઠે વિરોધ કરનારાઓ પર પેલેટ ગન, ખીલી જડેલી લાઠીઓ, રબરની ગોળીઓ અને ઇલેક્ટ્રિક બેટનનો ઉપયોગ કરવા જેવા આક્ષેપોની નોંધ લીધી હતી, જેના પરિણામે કેટલાક વિદ્યાર્થીઓ અને યુવાન મહિલાઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે દિલ્હી સરકાર અને અન્ય રાજ્યો નોંધાયેલી FIR અંગેની તપાસ આગળ ધપાવી શકે છે, પરંતુ આંદોલનકારી વિદ્યાર્થીઓ સામે કોઈ પણ કડક કાર્યવાહી કરવામાં આવશે નહીં. કોર્ટે સ્પષ્ટતા કરી કે, "આવું રક્ષણ ભૂતકાળનોલ ગુનાહિત ઇતિહાસ ધરાવતી વ્યક્તિઓને આપવામાં આવશે નહીં. એ બાબતની નોંધ લેતા કે પીઠ ટાસ્ક ફોર્સ દ્વારા તમામ આરોપોની સ્વતંત્ર, પારદર્શક અને સંપૂર્ણ તપાસ કરવાની વિચારણા કરી રહી છે, ત્યારે જજસાહેબોએ કહ્યું કે ૨૫૦ પોલીસકર્મીઓ પર થયેલા હુમલા અને તે હુમલા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યા હતા કે પછી કોઈ "અસામાજિક તત્વો" દ્વારા, તે શોધવા માટે પણ તપાસ જરૂરી છે.

### જાપાનમાં શક્તિશાળી...

વડાપ્રધાન સનાઈ ટાકાઈચી એ X પર પોસ્ટ કરેલા એક સંદેશમાં જણાવ્યું હતું કે તેમની સરકારે એક ટાસ્ક ફોર્સની રચના કરી છે. ટાકાઈચીએ બાદમાં પત્રકારોને જણાવ્યું હતું કે અનેક લોકો ઘાયલ થયા હોવાના તેમજ રસ્તાઓ, પુલો અને ઇમારતોને નુકસાન પહોંચ્યું હોવાના અહેવાલો છે. આ ઉપરાંત વીજળી ગુલ થવાની અને આગ લાગવાની ઘટનાઓ પણ બની છે, જો કે વિગતો હજુ અસ્પષ્ટ છે. ક્યોડો ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે ચત્સુશિરો શહેરની એક હોસ્પિટલમાં ભૂકંપમાં ઘાયલ થયેલા આશરે ૪૦ લોકોને દાખલ કરવામાં આવ્યા છે. ચત્સુશિરો સ્ટેશન પર એક ટ્રેન પાટા પરથી ઉતરીને બાજુ પર પડી ગઈ હતી, અને કુમામોટો કિલ્લાની પથ્થરની દીવાલોને નુકસાન થયું હતું. સુરક્ષા તપાસ માટે ક્યુશુમાં શિંકનસેન બુલેટ ટ્રેનો અને સ્થાનિક ટ્રેનો સ્થગિત કરવામાં આવી છે, જ્યારે અસો કુમામોટો એરપોર્ટની વેબસાઇટ પરની નોટિસ અનુસાર, એરપોર્ટનો રનવે બંધ કરી દેવામાં આવ્યો છે.

### કંગનાની જેન-ઝી...

એક નવી પેઢી છે. હું તેમને જેનરેશન ગટર કહું છું. તેમાંથી કેટલીક મહિલા વિરોધકર્તાઓ એટલી કદરૂપી અને ભ્રષ્ટ છે કે તેઓ ગૃહિણી પણ બની શકે તેમ નથી.

'ફેશન', 'તનુ વેડ્સ મનુ' અને 'ક્વીન' જેવી ફિલ્મોમાં પોતાના અભિનય માટે શ્રેષ્ઠ અભિનેત્રીના અનેક રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો જીતનાર આ અભિનેત્રીએ સોશિયલ મીડિયા સામગ્રીને લઈને વિરોધકર્તાઓનો સામનો કરનારાઓનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, ટીકા અને પ્રત્યાઘાતો એ તેમના કાર્યોનું અનિવાર્ય પરિણામ છે.

### PoKમાં ચૂંટણીના...

સભ્ય ઈન્તિયાઝ અસલમે મૃત્યુઆંક 14 ગણાવ્યો હતો અને કહ્યું હતું કે મૃતકોમાં JAACના સ્થાપક સભ્ય ઉમર નજીરના નાના ભાઈ ઉસ્માન નજીર પણ સામેલ છે. જ્યારે એક અધિકારીએ જણાવ્યું હતું કે સંઘર્ષમાં પાકિસ્તાન રેન્જર્સનો એક જવાન મૃત્યુ પામ્યો હતો જ્યારે બે રેન્જર્સને ઈજા થઈ હતી, બે પોલીસ કર્મચારીને પણ ઈજા થઈ હતી. જ્યારે એક અહેવાલ પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૨૦નાં મોત થયા છે.

### વ્હાઇટ હાઉસમાં...

કરી રહ્યું છે તે "કોઈ મોટી સમસ્યા નથી" અને "બીબી (નેતન્યાહુ) મને આ એટલા માટે કહી રહ્યા છે કારણ કે તેઓ ઈચ્છે છે કે હું આમાં સામેલ રહું." ટ્રમ્પે પોતાના સાથી પ્રત્યેની પોતાની નિરાશા વ્યક્ત કરતા ઉમેર્યું, "તમારે આખા વિશ્વ સમક્ષ આ જાહેરાત કરવાની શું જરૂર છે?" ટ્રમ્પ અને યુક્રેનિયમ પ્રમુખ વોલોદીમીર ઝેલેન્સ્કી વચ્ચે પણ સ્થાનિક સમય પ્રમાણે મંગળવારે વ્હાઇટ હાઉસમાં બેઠક યોજાનાર હતી. ઝેલેન્સ્કી સેનેટર ગ્રેહામ લિન્ડસેની ઇફ્નવિધિમાં ભાગ લેવા અમેરિકા આવ્યા છે જે લિન્ડ્સે તેમની કારકિર્દીમાં છેલ્લા યુક્રેનની મુલાકાતે ગયા હતા અને ત્યાંથી આવ્યા બાદ બીજા જ દિવસે અમેરિકામાં અવસાન પામ્યા હતા.

### વિશ્વભરમાં પોતાનો...

વિસ્તારમાં ચીનની 'બેલ્ટ એન